# ટ્રાન્સ વર્લ્ડ રેડિયો- ઈન્ડિયા

## વિજેતા પ્રાર્થના વિનંતી -ઓક્ટોબર -૨૦૨૩

**પો.બો.નં. ૨૦૩૬,ફતેહગંજ,વડોદરા -૩૯૦૦૦૨**

(૧) પ્રાર્થના :- "નિત્ય પ્રાર્થના કરો "(૧ થેસ્સાલોનીકી.૫:૧૭) આપણે "ઓનલાઇન" જીવી શકીએ છીએ ,અને સભાનપણે ઇશ્વરની હાજરીમાં કાયમી  સંબંધમાં રહો . આપણી વિનંતીઓ જણાવીને અને તેમની સૂચના સાંભળીને ઇશ્વર આપણાં પગલાંને દોરશે. આવો આપણે પ્રાર્થનાને આપણી જીવનશૈલી બનાવીએ.

(૨) કૃતજ્ઞતા :- "દરેક સંજોગોમાં આભરસ્તુતિ કરો."(૧ થેસ્સાલોનીકી ૫:૧૮) જયારે હું આભાર માનું છું, ત્યારે મને મળેલી ભેટનો હું સ્વીકાર કરું છું હું જેટલું વધારે સમજુ છું કે જીવનના સર્વ સંજોગો ઇશ્વરના અંકુશમાં છે અને તેમના પ્રેમની અભિવ્યકિત છે, તેટલો વધુ મને દિલાસો મળશે અને આનંદ પણ થશે.

(૩) ધીરજ:- "સઘળાંની સાથે સહનશીલ થાઓ"(૧થેસ્સાલોનિકી ૫:૧૪) આપણે પ્રતિસંસ્કૃતિ બની શકીએ છીએ અને પુનર્વિચાર મેળવવાને બદલે અન્ય લોકો પ્રત્યે ઇશ્વરની ધીરજને દર્શાવી શકીએ છીએ. જયારે તમે બીજી લોકો સાથે વ્યવહાર કરો છો ત્યારે ઇશ્વરને તેમની કૃપા, ભલાઇ અને નૃમતા તમારા દ્વારા દર્થાવવા દો .

(૪) કામ:- "જો કોઇ માણસ કામ ન કરે તો તેને ખવડાવવું પણ નહિ". (૨ થેસ્સાલોનીકી ૩:૧૦)  જે કામ કરવાનો ઇન્કાર કરે છે તેને માટે ભુખ એ સારી દવા બની શકે છે. ઇશ્વરે આપણને આપેલી ભેટો માટે આપણે જવાબદાર છીએ.  જેમ જેમ આપણે આપણી ઈચ્છા ઇશ્વરને સ્વાધીન કરીએ છીએ તેમ તેમ તે આપણને તેમને માન આપે  તેવા કાર્યા કરવા સહાય કરશે.

(૫) સંતોષ :- "કારણ કે દેવની ઇચ્છા એવી છે કે તમારું પવિત્રીકરણ થાય , એટલે કે તમે વ્યભિચારથી દૂર રહો, અને તમારામાંનો દરેક , વિષયવાસનામાં નહી પણ પવિત્રતામાં તથા

માનમાં પોતાનું પાત્ર રાખી જાણે ..(૧ થેસ્સાલોનીકી ૪:૩-૫) ઇશ્વરની પવિત્રતા પ્રેમ અને શકિત આપણા લગ્નોમાં દેખાવાં જોઇએ.

(૬) આશીર્વાદિત :- " જે યહોવાના નિયમશાસ્ત્રથી આનંદ પામે છે અને રાત -દિવસ તેનું મનન કરે છે તેને ધન્ય છે, તે જે કરે છે તે સફળ થાય છે". (ગીતશાસ્ત્ર ૧:૧-૩) પ્રાર્થના કરો કે ઇશ્વર તમને આવા પુરૂષ બનવામાં સહાય કરે .

(૭) સહનશીલતા :- " પણ કોઇનો નાશ  ન થાય પણ સઘળાં પશ્ચાતાપ કરે , એવું ઈશ્વરને પ્રભુ તમારે વિષે ધીરજ રાખે છે. (૨ પિતર ૩:૯) ઇશ્વર એવું  ઇચ્છીને પ્રભુ તમારે વિષે ધીરજ  રાખે છે કે મનુષ્યો ઇસુ ખ્રિસ્તને તેમના જીવનમાં આમંત્રિત કરે. આજે  પ્રાર્થના કરો કે તમે હંમેશા ઇશ્વરની ઇચ્છા જણાવો.

(૮) અનુસરો :- " મારાં ઘેટાં મારો સાદ સાંભળે છે વળી હું તેઓને ઓળખું છું અને તેઓ મારી પાછળ ચાલે છે, હું તેઓને અનંતજીવન આપું છું". (યોહાન ૧૦:૨૭-૨૮) પ્રાર્થના કરો કે તમે હંમેશા તેમના સાદ પ્રત્યે સાવધ રહો અને અને તે જ્યાં કંઇ દોરે તેની પાછળ ચાલો.

(૯) ઘડતર :- "તમે અરસપરસ સુબોધ કરો અને એકબીજાને  દ્રઢ  કરો." (૧ થેસ્સાલોનીકી ૫:૧૧) ખ્રિસ્તના અનુયાયીઓ તરીકે આપણાને એકબીજાની જરૂર છે. આજે પ્રાર્થના કરો કે આપણા ઇશ્વર તમને તેમના સેવક તરીકે ઉપયોગ કરે અને તમને પવિત્રઆત્માથી ભરે જેથી તમે બીજા લોકોને ઇશ્વરપરાયણ જીવન જીવવા પ્રેરણા, ઉત્તેજન અને પ્રેરિત કરવામાં મદદ કરી શકો.

(૧૦) ન્યાયીપણું :- "પણ હે ઇશ્વરભકત, ન્યાયીપણાનું અનુસરણ કર." (૧તિમોથી ૬:૧૧) પાઉલ તિમોથીને ઇસુના ન્યાયીપણાને તેનામાં અને તેના દ્વારા જીવવાની અનુમતિ આપીને યોગ્ય જીવન જીવવા, યોગ્ય પસંદગીઓ કરવા માટે સૂચવે છે.  ઈશ્વરને  પ્રાર્થના કરો કે તે તમને તેમના ચારિત્રને દર્શાવતી પસંદગીઓ કરવામાં સહાય કરે.

**(૧૧) ભકિતભાવ :- " પણ હે ઈશ્વરભકત, ભકિતભાવનું અનુસરણ કર (૧ તિમોથી ૬:૧૧).ભકિતભાવનો અર્થ થાય છે "ઈશ્વરના જેવા .' આપણને ઈશ્વરની પ્રતિમામાં બનાવવામાં આવ્યા છે, પરંતુ  પાપે આ પ્રતિમાને નુકસાન પહોંચાડયું છે.  પ્રાર્થના કરો કે આપણે પુરુષો ઈશ્વરનાં બાળકોની ઓળખથી જીવીશું  અને ભકિતભાવ પ્રમાણે ચાલીશું.**

(૧૨) વિશ્વાસ :- "પણ હે  ઈશ્વરભકત, વિશ્વાસનું અનુસરણ કર".  (૧ તિમોથી ૬:૧૧) વિશ્વાસ વિના દેવને પ્રસન્ન કરવો અશકય છે.  ( હિબ્રુ 11:6) ઈશ્વરને પ્રાર્થના કરો કે જયારે તમે તમારો સમય ઈશ્વરના વચનમાં ગાળો છો ત્યારે તે તમારા હ્રધ્ય અને દિમાગમાં સત્યની  અસર કરવા માટે તમારા વિશ્વાસને મજબૂત કરે.

(૧૩) પ્રેમ:- "પણ હે ઈશ્વરભક્ત,  પ્રેમનું અનુસરણ કર" (૧ તિમોથી ૬:૧૧) પ્રેમ એ બધા ગુણોમાં સૌથી મહાન છે અને ઈશ્વરના નિયમની પરિપૂર્ણતા છે. (રોમન ૧૩ :૮-૧૧) પ્રાર્થના કરો કે પુરુષો તરીકે આપણે ઈશ્વરના આત્માથી ભરપૂર થઈએ અને આપણા દ્વારા ઉત્પાદિત થયેલ નહિ પણ ઈશ્વરનો પ્રેમ ઉત્પન્ન થાય.

(૧૪) ધીરજ  તથા નમ્રતા:  "પણ હે ઈશ્વરભક્ત, ધીરજ તથા નમ્રતાનું અનુસરણ કર." (૧ તિમોથી ૬:૧૧ ) સંત પાઉલ ધીરજ અને નમ્રતાનું અનુસરણ કરવાનો પડકાર આપીને ઈશ્વરભકત માટેની તેની સૂચિ પૂરી કરે છે . પુરુષો માટે પ્રાર્થના કરો કે તેઓ પરિક્ષણને વશ ન થાય, તેને બદલે મકકમ બને, ઇસુ ખ્રિસ્તની ધીરજ દર્શાવતાં નમ્ર બને.

(૧૫) ઈશ્વરનો માર્ગ :- વ્હાલા ઈશ્વર, જો મારી સમસ્યાઓને ઉકેલવા અને મારા જીવનમાં  સુધારો કરવાનો પ્રયત્ન કર્યા છે, પરંતુ  તે કયારેય શક્ય બનતું નથી, હું હવે જાણું છું કે મારી એક માત્ર આશા તમે છો, પ્રભુ હું તમારી બચાવની કૃપાની ભેટ માટે આભારી છું. તમારો માર્ગ હમેશાં વિશ્વાસ દ્વારા કૃપાનો માર્ગ છે, મને વિશ્વાસ કરવા અને સ્વીકારવા મદદ કરો જેથી તમારા માર્ગો મારી સાથે હોય (એફેસી ૨:૮)

(૧૬) ઈશ્વરની શ્રેષ્ઠ કૃતિ :- હે ઈશ્વર ,હું તમારી શ્રેષ્ઠ કૃતિ છૂ તે મને હવે સમજાયું મને ખ્રિસ્તમાં શ્રેષ્ઠ રચના કરવા બદલ આભાર માનું છું તમે ઈચ્છો છો કે હું સારા જીવનનો અનુભવ કરું તેથી તમે મારા માટે ખ્રિસ્ત સાથેના મારા જોડાણ દ્વારા સારા કાર્યોમાં ચાલવાનું શક્ય બનાવ્યું છે, કૃપા કરીને મારા થકી તમારા કાર્યો પૂર્ણ કરો. (એફેસી ૨:૧૦)

(૧૭) આશીર્વાદ માટે આશીર્વાદિત :- વ્હાલા ઈશ્વર, તમે ખ્રિસ્તમાં મારા માટે જે કર્યું છે તે હું જાણતો ન હતો ત્યાં સુધી મને ખબર ન હતી કે હું કેટલો આશીર્વાદિત હતો. તમે મને ખ્રિસ્તમાં જે જોઈએ છે તે બધુ આપ્યું છે હું તમારી પુષ્કળ જોગવાઈઓથી ભરપૂર અને છલકાઈ ગયો છું.  હું આશીર્વાદિત બની શકું  તે માટે મને આશીર્વાદ આપવા બદલ આભાર (ઉત્પતિ ૧૨:૪)

(૧૮) રહસ્ય :- વ્હાલા ઈશ્વર, મે સફળ થવા માટે ખૂબ જ પ્રયત્નો કર્યા ,પરંતુ  કોઈ ફાયદો થયો નહીં હું સમજુ છું કે સાચી સફળતાનું રહસ્ય ઇસુ ખ્રિસ્તના વ્યક્તિત્વમાં છે , હવે જયારે મને ખ્રિસ્ત મળ્યા છે ત્યારે સાચી સફળતાનો સ્રોત મારામાં રહે છે. તેથી, હું  ખ્રિસ્ત સાથે મારા વધસ્તંભે જડાવા અને પુનરુત્થાનને સ્વીકારું છું (ગલાતી૨:૨૦)

(૧૯) જીવવું :- વ્હાલા ઈશ્વર, મે એકવાર વિચાર્યુ કે હું ખરેખર જીવી શકું તે પહેલાં મારે મૃત્યુ પામું ત્યાં સુધી રાહ જોવી પડશે અને સ્વર્ગમાં જવું પડશે , પરંતુ પ્રેષિત પાઉલે કહ્યું કે તે હવે જીવે છે. હું જોઉં છું કે હવે મને જીવવા માટે ખ્રિસ્ત મારામાં છે. પ્રભુ ઇસુ, તમારો આભાર, પ્રભુ કે હવે હું તમારા જીવનની જેમ સાચા જીવનનો અનુભવ કરી રહ્યો છું. (ગલાતી ૨:૨૦)

(૨૦) દેશ માટે પ્રાર્થના :- " આપણા પ્રભુ ઇસુ ખ્રિસ્તના નામે હું તમને વિનંતી કરું છું કે તમે માણસોની બાબતમાં રાજ કરો અને અમને ચરિત્રશીલ, પ્રતીતિવાળા અને સમર્પિત નેતાઓ આપો! આ દેશના નાગરિકોને કાયદાને માન આપવા અને તેનું પાલન કરવા જણાવો જેથી અમે શાંતિપૂર્ણ, સમૃદ્ધ સમાજમાં જીવી શકીએ .(ગી.શા ૩૩:૧૨)

(૨૧) પસંદગીઓ: દરરોજ આપણે નિર્ણયો કરવાના હોય છે. પુરુષ તરીકે એ આપણી જવાબદારી બને છે કે આપણે આપણા પરિવારને દોરવણી આપીએ અને ઈશ્વરના વચન અનુસાર નિર્ણયો લઇએ. આપણા સ્વાભાવિક આવેગને ત્યાગીએ! હે પ્રભુ, કૃપા કરીને મને પવિત્રઆત્માની દોરવણી અનુસાર કાર્ય કરવાને મદદ કરો. (ગલાતી ૬:૮)

(૨૨) પ્રથમ પસંદગી:- કોઈકવાર આપણી જાતના સૌથી નકારાત્મક સ્વરૂપો જેવા કે સ્વાર્થીપણુ ક્રોધ,ઈર્ષ્યા આપમેળે જાહેર થાય છે. બાઇબલ તેમને દેહનાં કામો કહે છે. (ગલાતી ૫:૨૦) પ્રભુ મારી પ્રાર્થના એ છે કે હું અન્યની જરૂરિયાત મારા કુટુંબ આગળ મારી પ્રથમ પસંદગી પહેલા મૂકું અને સુમેળ ભર્યું જીવન જીવી શકું.

(૨૩) ધોરણો :- બાઇબલ આપણને સ્પષ્ટપણે આ જગતનું રૂપ ન ધરવા જણાવે છે. (રોમનો ૧૨:૨)આપણે દેખીતી શાંતિ માટે, બાઇબલના ધોરણો પ્રમાણેનું લગ્નેતર જીવન, બાળઉછેર, તરછોડી દઈએ છીએ. ઘણી લાલચો અને એવી બાબતો એ કે જે કુટુંબની સ્થિરતાને બગાડે છે તેમની મધ્યે હિમત અને મક્કમતા માટે પ્રાર્થના કરો.

(૨૪)માફી :- એક એવી દિવાલની જેમ જે ભિન્નતા સર્જે છે તેથી બાઈબલ તેને એક નામંજૂર પાપનું પરિણામ દર્શાવે છે (યશાયા ૫૯:૨) નામંજૂર અને અક્ષમ્ય પાપો દંપતિઓ તથા મા- બાપ અને બાળકોની વચ્ચેના તૂટેલા સંબધો સુધી દોરી જઈ શકે છે. પાપને કારણે થયેલા ઘાવનું સાજાપણું તથા સંબંધોની પુન :સ્થાપનના માટે પ્રાર્થના કરો.

(૨૫) મિત્રતા :- જે માણસ દુષ્ટોની સલાહ પ્રમાણે ચાલતો નથી, જે પાપીઓના માર્ગમાં ઉભો રહેતો નથી , અને જે નિંદાખોરોની સાથે બેસતો નથી તેને ધન્ય છે! (ગી.શા ૧:૧) એક પિતાની મિત્રતાઓ તેનો સંતાન

આગળ તેના ચારિત્ર્યનો મોટો ભાગ ખુલ્લો કરે છે. તમારી મિત્રતાઓ તમારા સંતાનો ઇશ્વર સાથેના વ્યવહાર ને અવરોધે  નહિ તેવી પ્રાર્થના કરો.

(૨૬) શ્રેષ્ઠતા:- સદાચારીની મહેનત જીવન સાધક છે, દુષ્ટની પેદાશ પાપ કારક છે. (નીતિવચનો ૧૦:૧૬) આપણા કાર્ય કરવાનું સ્થળ એ આપણૂં સેવાક્ષેત્ર છે.  ચાલો આપણે ખ્રિસ્તી બંધૂઓ તરફથી તેમની દરમ્યા નગીરી કરીએ કે જેથી તેઓ પોતાના કાર્ય ખંત પૂર્વક  કરી તથા કુટુંબને પુરું પાડીને ઇશ્વરને માન આપે.

(૨૭)   ભાઈ: એક વિશ્વાસુ તથા ઇસુના અનુયાયી હોઇ  તમે તેમના ભાઈ બન્યા છો. તમે ઈશ્વરના આત્મા વડે જન્મ્યા હતા. તમને અન્યને આમંત્રિત કરી ખ્રિસ્તમાં વિશ્વાસ મારફતે વારસામાં અનંતજીવન આપવા માટેની તક મંજૂર કરવામાં આવી છે. ઇશ્વરના અવર્ણનીય ભેટને માટે તેમની સ્તુતિ કરો.(યોહાન ૧:૧૨)

(૨૮) મહાન તક : તમારે કદી એમ વિચારવાની જરૂર નથી કે ઇસુ વિષે અન્યને કહેવું તે એક બોજ છે. મિત્રો, કુટુંબ અને અન્ય લોકોને તેમની હાજરીમાં આમંત્રિત કરવા પરવાનગી હોવી એજ પુરુષ માટે સૌથી મહાન તક છે જે માણસને કહી પણ આપવામાં આવી હોય. (ગી.શા.૯૬:૨-૩)

(૨૯) સમય અનુસાર : બાઇબલ આપણને જણાવે છે કે બધુ જ સમયની સંપૂર્ણતામાં જ શક્ય બને છે. આ બાબત ઈસુના પુનરાગમન વિષે પણ સાચી જ છે. પ્રાર્થના કરો કે  જ્યારે ઇસુનું પુનરાગમન થાય ત્યારે તમે તૈયાર રહો તથા ઘણા અન્ય પણ તમારા જીવન અને સેવાકાર્યના ફળ તરીકે તૈયાર રહે.

(૩૦) આશા વિહીન: ઇસુના ગગન ગમનના લગભગ ૨૦૦૦ વર્ષ પછી પણ આખાં લોકજૂથો ઈશ્વર વિના અને અનંત આશા વિના આત્મિક અંધકારમાં જીવી રહ્યા છે. (એફેસી ૨:૧૨) પ્રાર્થના કરો કે ઈશ્વર તમને બતાવે કે કેવી રીતે તમે પરીવર્તન લાવી શકો.

(૩૧) સાવચેત રહો, "વિશ્વાસમાં અડગ રહો, હિંમતવાન પુરુષો બનો, મજબુત બનો". (૧કોરંથી ૧૬:૧૩) જેમ જેમ અંદરથી દુન્યવીપણું અને બહારથી સતાવણી મંડળીના પાયાને ધમકી આપે છે, તેમ તમે,  ઇશ્વરના પુરુષ,  દ્દઢ ઊભા રહેવા માટે કહેવામાં આવે છે.  જેઓ ઇસુની સાથે રહ્યા છે અને તેમના ચારિત્રને પ્રતિબિંબિત કરે છે તેવા વ્યકિત તરીકે ઓળખાવા માટે પ્રાર્થના કરો.

ટ્રાન્સ વર્લ્ડ રેડિયો- ઈન્ડિયા

પો.બો.નં. ૨૦૩૬,ફતેહગંજ,વડોદરા -૩૯૦૦૦૨,

M. No. : 9327621391

Free MP3 download : radio882.com, twr media app FB :
https://www.facebook.com/twrgujarati/ Youtube : youtube.com/c/twrindiagujarati

Gujarati Internet FM  Radio TWR : http://Radio882.com/fmgujarati Gujarati TV Program :
Gujarat First Channel, Time : 06:30 to 07:00 (Morning) (Monday to Saturday)